રાજ્ય પોલીસ દળના પોલીસ કોન્સ્ટેબ્યુલરી સંવર્ગના કર્મચારીઓ અને ફીક્સ પગારના લોકરક્ષક તથા ફીક્સ પગારના આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેકટરોને વોશીંગ એલાઉન્સ વધારવા/આપવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક: ગણવ/૧૦૨૦૨૨/૬૨૫/ટ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૨૯/૦૮/૨૦૨૨

સંદર્ભ :-

(૧) ગૃહ વિભાગનો તા.૦૩/૦૭/૧૯૮૬નો ઠરાવ ક્ર.-યુએનએ/૧૦૮૬/(૧)/ટી
(૨) ગૃહ વિભાગનો તા.૨૮/૧૦/૨૦૨૧નો ઠરાવ ક્ર. મહક/૧૦૨૦૨૧/૩૧૧૨/સ
(૩) સમિતિનો તા.૨૯/૦૪/૨૦૨૨ના રોજનો આખરી અહેવાલ

પ્રસ્તાવના :-

ગુજરાત રાજ્યના પોલીસ કોન્સ્ટેબ્યુલરી સંવર્ગના કર્મચારીઓ(એ.એસ.આઈ., હેડ કોન્સ્ટેબલ, કોન્સ્ટેબલ, લોકરક્ષક) દ્વારા ગ્રેડ પે વધારવા તથા અન્ય લાભો મેળવવા વિવિધ માધ્યમોથી રજૂઆતો કરવામાં આવેલ. જે રજૂઆતો બાબતે અહેવાલ અભિપ્રાય સહિત રજૂ કરવા સંદર્ભ-(૨)માં દર્શાવેલ ઠરાવથી એક સમિતિની રચના કરવામાં આવેલ. સદરહુ સમિતિએ રાજ્ય સ્તરે રેન્જ વાઈઝ બેઠકોનું આયોજન કરી કર્મચારીઓની લેખિત/મૌખક રજૂઆતો સાંભળી તેનો ગહન અભ્યાસ કરી આખરી અહેવાલ સંદર્ભ-(૩)માં દર્શાવેલ પત્રથી રજૂ કરેલ. સદરહુ સમિતિએ રજૂ કરેલ આખરી અહેવાલની ભલામણો પૈકી એક ભલામણ રાજ્ય પોલીસ દળના પોલીસ કોન્સ્ટેબ્યુલરી સંવર્ગના કર્મચારીઓનું વોશીંગ એલાઉન્સ વધારવા બાબતેની પણ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

કાળજીપૂર્વકની વિચારણાને અંતે વિભાગના સંદર્ભ-(૧)માં દર્શાવેલ ઠરાવ મુજબ રાજ્ય પોલીસ દળના પોલીસ કોન્સ્ટેબ્યુલરી સંવર્ગના નિયમિત નિમણૂકના પોલીસ કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ અને આસીસ્ટન્ટ સબ ઇન્સપેક્ટરના કીસ્સામાં “વોશીંગ

એલાઉન્સ" હાલ રૂ.૨૫/- ચુકવવામાં આવે છે તેમાં વધારો કરીને રૂ.૫૦૦/- આપવાનું આથી ઠરાવવામાં આવે છે તથા આ સિવાયની વિભાગના સંદર્ભ-(૧) દર્શિત ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

૨. વધુમાં, ફીક્સ પગારના લોકરક્ષક અને ફીક્સ પગારના આસીસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટરને પણ "વોશીંગ એલાઉન્સ" રૂ.૫૦૦/- આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

૩. આ ઠરાવનો અમલ તા.૦૧/૦૮/૨૦૨૨ની અસરથી કરવાનો રહેશે.

૪. આ ઠરાવ આ વિભાગની ફાઈલ ક્રમાંક- મહક/૧૦૨૦૨૧/૩૧૧૨/સ ઉપર નાણા વિભાગની તા.૨૩/૦૮/૨૦૨૨, સા.વ.વિ.ની તા.૨૪/૦૮/૨૦૨૨ તથા સરકારશ્રીની તા.૨૯/૦૮/૨૦૨૨ ના રોજ મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મયુરસિંહ વાઘેલા)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા).
- માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાણા મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (કર્મચારી ગણ)ના અંગત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (નાણા)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ગૃહ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી(આ.બા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (ક.ગ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(સેવા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- તમામ અધિક સચિવશ્રી/સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, હથિયારી એકમો, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- પોલીસ મહાનિરીક્ષકશ્રી (વહીવટ), ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- તમામ રેન્જ પોલીસ મહનિરીક્ષકશ્રી/નાયબ મહાનિરીક્ષકશ્રીઓ
- તમામ પોલીસ કમિશનરશ્રી/તમામ પોલીસ અધીક્ષકશ્રીઓ
- તમામ સેનાપતિશ્રીઓ, રાજ્ય અનામત પોલીસ દળ, ગુજરાત રાજ્ય
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઇલ